ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G


# ગાંધીનગરમાં એસટીડી બૂથ પરથી ફોન કરનારની વિગતો ફરજીયાત

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના એસટીડી પીસીઓ પૈકી જે લોકો રજીસ્ટર્ડ નથી રાખતા તેમની સામે પોલીસ પગલાં તોળાઇ રહ્યાં છે. શહેર પોલીસે તાજેતરમાં એક પીસીઓને બંધ કરી તેની સામે પગલાં લેવાનું શરૂ કરતાં પીસીઓ માલિકોમાં હડકંપ મચી ગયો છે.

શહેર એસસીબીએ તમામ પોલીસ સ્ટેશનોએ એવી સૂચના આપી છે કે જે એસટીડી બૂથ તેના ગ્રાહકોનું રજીસ્ટર્ડ નહીં રાખતું હોય તેમની સામે કડક પગલાં લેવા. આ સૂચનાને પગલે ઓચિંતુ ચેકીંગ શરૂ કરવામાં આવ્યું છે.

ગુનાહિત કૃત્ય આચરવા માટે ગુનેગારો હવે મોબાઈલ કે લેન્ડલાઈન ફોનની જગ્યાએ એક રૂપિયાના ટોકનવાળા એસટીડી બૂથનો ઉપયોગ કરી રહ્યાં છે. આ બૂથ ઉપર કોણ ક્યારે ક્યાં ફોન કરે છે તેની જીવણટભરી વિગતો સાથેનું રજીસ્ટર્ડ રાખવાની સૂચના આપવામાં આવી છે, જેનું પાલન નહીં થાય તો બૂથ બંધ કરવા સુધીના પગલાં લેવામાં આવશે.




અપહરણ, લૂંટ, ધમકી અને મારામારી જેવા ગુનાઓમાં હવે એસટીડી બૂથનો ઉપયોગ થવા લાગ્યો છે. તાજેતરમાં ભાજપના સિનિયર નેતા સંજય જોષીને ફોન ઉપર મળેલી ધમકી પણ આ પ્રકારના એસટીડી બૂથ ઉપરથી આપવામાં આવી હતી જેથી આરોપીની હજી સુધી ચોક્કસ ઓળખ થઈ શકી નથી.

એસટીડી બૂથ ઉપર આવનાર અને ફોન કરનાર વ્યક્તિને સીસી ટીવી કેમેરામાં કેદ કરવો અઘરો છે કારણ કે મોબાઈલના સમયમાં બાકી બચેલા એસટીડી બૂથ સીસી ટીવી કેમેરા રાખી શકે તેમ નથી. આ ધંધામાં મંદી આવેલી છે તેથી તેમને ફોન કરનાર ગ્રાહકની સંપૂર્ણ ડિટેઈલ એકત્ર કરવાની સૂચના આપવામાં આવી છે. શહેરમાં એક બૂથને રજીસ્ટર્ડ મેનન્ટેન્સ નહીં કરવા બદલ કસૂરવાર ઠરાવી તેના સંચાલક સામે પગલાં ભરવામાં આવ્યા છે. હજી વધારે પગલાં તોળાઈ રહ્યાં છે.

**ગુનેગારો સરળતાથી ધમકી આપી શકતા હોવાથી અને સીસી ટીવી કેમેરા ફીટ કર્યા નહીં હોવાથી રજિસ્ટર મેન્ટેઈન કરવા પોલીસનો આદેશ**

# વૃક્ષયાત્રા દરમિયાન શહેરમાં કુલ ૫૮ હજાર રોપાંનું વિતરણ કરાયું

## બે બળદગાડી, ૧૫ ઊંટલારી અને ૧ ટ્રેક્ટરે ૬૮ ફેરા લગાવ્યા, ૧૧૬ સ્વયંસેવકો, ૮ વૃક્ષ મિત્રો અને વિદ્યાર્થીઓએ સહયોગ આપ્યો

ગાંધીનગર, તા.૧૬

વાવે ગુજરાત અન્વયે શહેરમાં યોજાયેલી વૃક્ષયાત્રા દરમિયાન વનવિભાગ દ્વારા ૫૮ હજાર રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરીજનોમાં પણ રોપાઓના વિતરણને અનુલક્ષી ઉત્સાહનો માહોલ જોવા મળતો હતો. બે દિવસની આ યાત્રા દરમિયાન ૫૮ હજાર જેટલા રોપાઓનું વિતરણ કરાયું છે. જયારે આ માટે સેકટરોમાં બે બળદગાડી અને ૧૫ જેટલી ઉંટલારીઓના ૬૮ ફેરા લગાવાયા હતા. રોપા વિતરણના અભિયાનમાં ૧૧૬ જેટલા સ્વયંસેવકોએ પણ મદદ પૂરી પાડી હતી. જેમાં સે-૨૩ કડી કેમ્પસ સ્થિત અશ્વિન પટેલ કોમર્સ કોલેજ, ભોળાભાઈ કોમર્સ ઓફ કોલેજના વિદ્યાર્થીઓ, વનશ્રી ટ્રસ્ટના ચૈતન્ય નિમાવત તેમજ અંજનાબેન નિમાવત સહિત ૮ વૃક્ષમિત્રોએ પણ સહયોગ પૂરો પાડયો હતો. વૃક્ષયાત્રાના અંતે કોલેજના વિદ્યાર્થીઓએ આ કામગીરી તેમના માટે યાદગાર અનેપ્રેરણાદાયી હોવાનો ઉમદા વિચાર પણ વ્યકત કર્યો હતો. વાવોલ ગામમાં પણ ટ્રેકટર મારફતે રોપાઓનું વિતરણ કરાયું હતું.



વન વિભાગ દ્વારા ચોમાસા દરમિયાન વાવે ગુજરાતના અભિયાન અન્વયે શહેરમાં તા. ૧૪ અને ૧૫ જુલાઈના રોજ વૃક્ષયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે નગરના સે-૧ થી ૧૫માં ઉંટલારી મારફતે વિવિધ પ્રકારના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે આ અભિયાન અન્વયે સે-૧૬ થી ૩૦માં વનતંત્ર દ્વારા શહેરીજનોને રોપાઓનું વિતરણ કરાયું હતું. ગત વર્ષમાં પણ ૫૧ થી ૫૬ હજાર રોપાઓનું વિતરણ કરાયું હતું. જયારે થોડા સમય પૂર્વે રથયાત્રા દરમિયાન પણ ૧૬ હજાર જેટલા રોપાઓ નગરજનોને ઉછેર અર્થે અપાયા હતા. ડી.એફ.ઓ. ભાવિન વ્યાસે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે વૃક્ષયાત્રાના બે દિવસ દરમિયાન શહેરના પ્રત્યેક સેકટરમાં ઉંટલારીઓ મારફતે રહીશોને રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. શહેરના સેકટરોમાં રોપાઓ વિતરણ કરવાના આ ઉમદા અભિયાનમાં વિદ્યાર્થીગણ સહીત ૧૧૬ સ્વયંસેવકોએ જરૂરી સેવા પૂરી પાડી હતી.

# પવિત્ર શ્રાવણ અને રમઝાન માસનો આ સપ્તાહમાં પ્રારંભ

## સતત એક મહિના સુધી ઉપવાસ - રોઝા કરી હિન્દુ-મુસ્લિમ ભાઈ-બહેનો ભક્તિમાં લીન બનશે

ગાંધીનગર તા. ૧૬

તહેવારો ઉત્સવોની મોસમમાં શ્રાવણ અને રમઝાન મહિનાનું ખૂબ વિશેષ મહત્વ છે. આ વર્ષે ફરીથી બંને પવિત્ર મહિનાઓ એક સાથે શરૂ થઈ રહ્યા છે.

હિન્દુ ભાઈ-બહેનો શ્રાવણ માસમાં ઉપવાસ કરી ભક્તિમાં લીન થઈ જાય છે. આગામી તા. ૧૯ જુલાઈથી શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો હોવાથી તેની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. શિવ મંદિરોમાં શણગાર, અખંડ ધૂન, પ્રાર્થના, ભજન જેવા કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. મંદિરોને શણગારવામાં આવી રહ્યા છે. શહેરના પંચદેવ મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, ઓમકારેશ્વર મંદિર તથા વાસણા ગામના વાસણિયા મહાદેવ મંદિરે વિશિષ્ટ તૈયારીઓ થઈ રહી છે. મોટાભાગના ભાવિકો શ્રાવણ માસ દરમ્યાન ઉપવાસ, એકટાણું કરી ભક્તિમય બની જાય છે. મંદિરોમાં લઘુરૂદ્ર, મહારૂદ્ર, શિવ મહિમ્ન સ્ત્રોત પાઠ જેવા કાર્યક્રમોનું આયોજન થાય છે. શ્રાવણ મહિનાની સાથે સાથે જ મુસ્લિમોના પવિત્ર રમઝાન માસનો પ્રારંભ પણ થઈ રહ્યો છે. મુસ્લિમ ભાઈ-બહેનો આ આખા માસ દરમ્યાન આકરા રોઝા કરે છે. વહેલી સવારે ઉઠી સહેરી કરી રોઝાનો પ્રારંભ થાય છે. આખો દિવસ કંઈ પણ ખાધા-પીધાં વિના આકરી બંદગી કરવામાં આવે છે. સાંજે રોઝા છોડવામાં આવે છે. ગરીબોને ફીતરા, જકાત રૂપે દાન આપવાનું પણ આ માસમાં ખૂબ મહત્વ છે. રમઝાન માસ દરમ્યાન મસ્જિદોમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન થશે.

જૈન દેરાસરોમાં પણ હાલમાં ઉત્સવનો માહોલ છે. ચાર્તુમાસ ચાલી રહ્યો હોવાથી દેરાસરો દરરોજ પ્રવચન જેવા કાર્યક્રમોનું આયોજન થાય છે. હવેલી મંદિરોમાં હિંડોળા ઉત્સવના કારણે માહોલ ઉલ્લાસ ભર્યો છે.

### શ્રાવણ - રમઝાન માસ શરૂ થતાં ફળોના ભાવ આસમાને પહોંચશે

ગાંધીનગર, તા.૧૫

આગામી અઠવાડિયાથી શ્રાવણ અને રમઝાન માસનો લગભગ એકસાથે પ્રારંભ થઈ રહ્યો છે. શ્રાવણ માસમાં ઉપવાસ દરમિયાન ફળાહાર જ થઈ શકે છે. તેવી જ રીતે રમઝાન માસમાં રોઝા ઈફતારી વખતે ફળોનો ઉપયોગ મહત્તમ થાય છે. કેળા, ચીકું, પપૈયા જેવા ફળોના ભાવ હવે ઉંચકાશે. સફરજનના ભાવો તો પહેલાંથી ખૂબ વધુ હોવાથી મધ્યમવર્ગીય પરિવારોને હવે ઉત્સવો - ઉપવાસ પણ મોંઘા પડશે.

# માર્ગ આસપાસ નમી પડેલાં ૫૦ ભયજનક વૃક્ષો દૂર કરાયા

## મુખ્ય માર્ગો પર ડાળીઓનું ટ્રીમીંગ કરાયું

ગાંધીનગર, તા.૧૬

ચોમાસા દરમિયાન નમી પડેલા ભયજનક વૃક્ષો અકસ્માતનું કારણ ન બને તે માટે શહેરમાંથી ૫૦ જેટલા ભયજનક વૃક્ષોને દૂર કરાયા છે. આ ઉપરાંત નગરના મુખ્ય માર્ગો પર નડતરરૂપ વૃક્ષોની ડાળીઓનું ટ્રીમીંગ કરવાનું કામ પણ વન તંત્ર દ્વારા પૂર્ણ કરાયું છે.

શહેરના મુખ્યમાર્ગો સહિત સેકટરોના આંતરિક વિસ્તારમાં ઠેર ઠેર નમી પડેલા વૃક્ષો ભયજનક સ્થિતિમાં હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. જયારે નમી પડેલા આ વૃક્ષો ગમે ત્યારે જાન લેવા અકસ્માત નોંતરે તેવી દહેશતને લઈ જાગ્રત નાગરિકો દ્વારા વારંવાર આવા વૃક્ષો દૂર કરવા વનવિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જયારે ચોમાસામાં વૃક્ષો જમીનદોસ્ત થવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા હોવાથી થોડા સમય પૂર્વે વનતંત્ર દ્વારા ભયજનક વૃક્ષોનો તાગ મેળવવા અભ્યાસ હાથ ધરાયો હતો. આ અભ્યાસના અંતે રોડ સાઈડ આસપાસના વિસ્તારમાં ૫૦ જેટલા વૃક્ષો નમી પડેલા અને ભયજનક સ્થિતિમાં હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું. ભયજનક માલુમ પડેલા આ વૃક્ષો તંત્ર દ્વારા દૂર કરાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. વધુમાં નગરના 'ગ' 'ખ' અને 'ઘ' માર્ગ પર લચી પડેલી વૃક્ષોની ડાળીઓનું પણ જરૂરી ટ્રીમીંગ કરવામાં આવ્યું છે.

# શહેરના ૨૦૦ બમ્પને થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવાશે

## ૪૧ લાખના ખર્ચનો અંદાજ : ટર્નિંગ પર ૭૨ બ્લીન્કર્સ પણ લાગશે

ગાંધીનગર, તા. ૧૬

શહેરના વિવિધ માર્ગોપર ૭૨ જેટલા ટર્નિંગ પોઈન્ટને અનુલક્ષી લબક-જબક થતા બ્લીન્કર લગાવાશે. આ ઉપરાંત માર્ગ સલામતીને અનુલક્ષી ૨૦૦ જેટલા બમ્પને થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવવાનું કામ પણ ટુંકમાં હાથ ધરાશે.

શહેરના મુખ્ય માર્ગો સહિત સેક્ટરોના આંતરિક રસ્તાઓના મજબુતીકરણનું કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યું છે. જ્યારે માર્ગ નવીનીકરણની સાથે બમ્પ અને માર્ગ વચાળે થર્મો પ્લાસ્ટના પટ્ટા લગાવવાનું કામ હવે ટુંકમાં હાથ ધરાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરમાં હાલન સ્થિતિએ એક અંદાજ મુજબ વિવિધ માર્ગો પર કુલ ૨૦૦ જેટલા બમ્પ અસ્તિત્વ ધરાવે છે, જ્યારે નિયત સમયના અંતે બમ્પ પરના પટ્ટા ભૂંસાઈ જતા વાહનચાલકો બમ્પથી અજાણ ન રહે તે માટે બમ્પ અને ઝીબ્રા પર થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવવાનું કામ હાથ ધરાશે. આ દરમિયાન પાંચ જેટલા સ્થળોએ નવા બમ્પ બનાવવાનું પણ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૪૧ લાખનો ખર્ચ થશે. જ્યારે શહેરના માર્ગો પર વળાંકના પોઈન્ટ પર બ્લીન્કર લગાવાશે. લબક-ઝબક થતા બ્લીન્કર માટે પણ રૂ. ૩૦ લાખ ખર્ચવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી પાટનગર યોજના દ્વારા વિભાગને દરખાસ્ત મોકલી દેવાઈ છે. આગામી ટુંક સમયમાં ટેન્ડર પ્રકીયાના અંતે આ કામગીરી હાથ ધરવામાં આવશે.



માહિતી અધિકાર કમિશનર અરવિંદ શુક્લાએ આજે જિલ્લા વહીવટી તંત્રની સત્તાવાર મુલાકાત લીધી હતી. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રને માહિતી અધિકાર અન્વયે વિવિધ કક્ષાની માહિતી મેળવવા બાબતે જિલ્લાના નાગરિકો તરફથી જે અરજીઓ મળી છે તે અંગેની વિગતો તેમણે મેળવી હતી તથા આ અંગેની સમીક્ષા કરી અધિકારીઓને માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. (તસવીર : દિપક જાની)

# નંદીએ દૂધ-પાણી પીવાની ઘટના બિલકુલ અંધશ્રદ્ધા

અમદાવાદ, તા.૧૬

રવિવાર સાંજથી મોડીરાત સુધી પોરબંદર, જુનાગઢ, રાજકોટ જિલ્લા સહિત અમુક ગામડાઓમાં શિવમંદિરોમાં નહીં, કાચબાએ દૂધ-પાણી પીવાની ઘટનાએ કૌતુક સર્જતા શ્રદ્ધાળુઓની ચમત્કારપ્રિય માનસિકતાના કારણે અસાધારણ માનવસમૂહ જોવા મળ્યો હતો. નંદી-કાચબાની દૂધ-પાણી પીવાની ઘટના માત્રને માત્ર અંધશ્રદ્ધામાં લોકો અફવા-માસ હિસ્ટેરીયાના ભોગ બન્યાનું ખુલ્યું છે. ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે વૈજ્ઞાનિક કારણ સ્પષ્ટ આપતા બનાવ સ્થળે લોકોનો પ્રવાહ નહીંવત થયો હતો. જાથાએ દિવાલને દૂધ-પાણી પીવડાવતા શ્રદ્ધાળુઓને સાચી સમજ આપી અંધશ્રદ્ધાના ગતકડામાંથી બહાર આવવા તિલાંજલી આપવા સાથે હિન્દુ ધર્મના દેવ-દેવી સાથે અડપલા કરનારાને બોધપાઠ આપવા અપીલ કરી હતી. વિજ્ઞાન જાથાના રાજ્ય ચેરમેન જયંત પંડ્યાએ જણાવ્યું કે રવિવાર સાંજથી મોડીરાત સુધી મોબાઈલ ઉપર નંદીના ચમત્કારની જાણકારી અપાતા સ્થાનિક-બહારગામના સદસ્યોને સ્થળ ઉપર મોકલી આધાર-પુરાવા મેળવતા શ્રદ્ધાળુઓ અફવા અને માસ હિસ્ટેરીયાના ભોગ બન્યાનું ખુલ્યું હતું.

# મેડીકલ-પેરામેડીકલની બેઠકો માટે આજથી પ્રવેશ પ્રક્રિયા શરૂ

## ૨૦૦૦૦થી વધુ અરજી : ચાલુ વર્ષમાં કુલ ૮૬૦ બેઠકો વધી

અમદાવાદ, તા.૧૬

શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે આવેલી બી જે મેડીકલ કોલેજ ખાતે આવતીકાલથી મેડીકલ અને પેરામેડીકલની ૮૮૦ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. આ બેઠકો માટે ૨૦ હજારથી વધુ અરજીઓ આવી હતી. મેડીકલ અને પેરામેડીકલ કમિટી દ્વારા ૧૦મી જુલાઈએ મેરીટ યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. મેડીકલ અને પેરામેડીકલની ગત વર્ષે ૭૯૬૦ બેઠકો હતી. જેમાં ચાલુ વર્ષે ૮૬૦ બેઠકો ઉમેરાતા બેઠકો વધી ૮૮૨૦ થઈ છે. આ ૮૬૦ બેઠકોમાં સિદ્ધપુર ડેન્ટલની ૧૦૦ બેઠકો, જામનગર ડેન્ટલની ૬૦ બેઠકો, મેડીકલની ૫૫૦ બેઠકો અને નર્સિંગની ૧૫૦ બેઠકોનો સમાવેશ થાય છે. આમ ચાલુ વર્ષે મેડીકલમાં ૨૨૩૦ + ૫૫૦ મળી ૨૭૩૦ બેઠકો, ડેન્ટલની ૯૯૫ + ૧૬૦ મળી ૧૧૫૫ બેઠકો, ફિઝીયોથેરાપી ૧૩૦૦, નર્સીંગની ૧૦૧૫ + ૧૫૦ મળી ૧૧૬૫ બેઠકો, આર્યુવેદિક ૪૫૫ બેઠકો, હોમીયોપેથીક ૧૫૨૫ બેઠકો, ઓર્થોપેડીકની ૯૦ બેઠકો, ઓર્થોટીકની ૧૦ બેઠકો અને નેચરોપેથીની ૩૦ બેઠકો અને ઓડીયોલોજીની ૩૩ બેઠકો છે. આવતીકાલ ૧૭મી જુલાઈથી શરૂ થતી પ્રવેશ પ્રક્રિયા ૨૮મી જુલાઈ સુધી ચાલશે. આવતીકા પ્રથમ દિવસે ફિઝીકલ હેન્ડીકેપના ૨૨ વિદ્યાર્થી, સેન્ટ્રલ બોર્ડના ૮૪૧ વિદ્યાર્થી અને સેન્ટ્રલ કાઉન્સિલના ૭૭ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા છે. પ્રવેશ પ્રક્રિયા સવારે ૧૦.૦૦ વાગ્યાથી હાથ ધરાશે.

# પાંચ કલાકના રેસ્કયૂ ઓપરેશન બાદ કૂવામાં પડેલા મોરને બચાવી લેવાયો

ગાંધીનગર, તા.૧૬

શહેરની પર્યાવરણ પ્રેમી સંસ્થા વનશ્રી અને ફાયરબ્રિગેડની ટીમે કુવામાં પડેલા રાષ્ટ્રીય પક્ષી મોરને ભારે જહેમત બાદ બચાવી લીધો છે.



શહેરની પાદરે આવેલા વાસણા હડમતિયા ગામની સીમમાં એક અવાવરૂ કુવામાં મોર પડી ગયો હતો. ખેતરના માલિકને તેની જાણ થતા તેમણે જીવદયા પ્રેમી અને વનશ્રી ટ્રસ્ટના સ્વયંસેવક અલ્પેશભાઈ પટેલને કરી હતી. મુશ્કેલીમાં મુકાયેલા મોરને બચાવી લેવા માટે એનીમલ રેસ્ક્યુ વિંગના ડાયરેકટર મહાવીર નિમાવત પોતાની ટીમ સાથે ઘટનાસ્થળે ધસી ગયા હતા. કુવાની ઉંડાઈ ૧૦૦ ફુટથી વધુની હોવાથી વનવિભાગ અને ગાંધીનગર ફાયર બ્રિગેડને પણ ઘટનાસ્થળે બોલાવી લેવાયા હતા. વનવિભાગના વિશાલ ચૌધરી અને ફાયરબ્રિગેડના દીનેશભાઈ ચૌધરી તથા ફારૂક શેખ તથા વનશ્રીના સ્વયંસેવકોની મદદથી મોરને કુવામાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. આપણા રાષ્ટ્રીય પક્ષી મોરને બચાવી લેવામાં સહયોગ આપનાર પર્યાવરણ પ્રેમીઓ દિવ્યાંગ પરમાર, દર્શીત પુરોહિત, અર્પણ પંડયા અને વસીમભાઈને સંસ્થાના પ્રમુખ શ્રીમતી અંજનાબેન અને સેક્રેટરી ચૈતન્યભાઈએ બિરદાવ્યા હતાં.


# એમબીએ-એમસીએના પ્રથમ મોકરાઉન્ડમાં ૪૦૧૩ બેઠકો ખાલી

અમદાવાદ, તા.૧૬

જીટીયુ દ્વારા એમબીએ અને એમસીએમાં પ્રવેશ માટે હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત આજે પ્રથમ મોકરાઉન્ડનું પરિણામ જાહેર કરાયું હતું. જેમાં એમબીએની ૩૩૮૦ બેઠકો અને ૪૦૧૩ બેઠકો ખાલી રહી છે. આવતીકાલ બીજા મોકરાઉન્ડનો પ્રારંભ થઈ રહ્યો છે.

॥ સર્વે માતૃભ્યો-પિતૃભ્યો દેવેભ્યો નમઃ ॥

## અઢારમી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ



સ્વ. રામજીભાઈ છનાભાઈ વાઘેલા
સ્વ. તા. ૧૭-૭-૧૯૯૪
મુ. પો. મેદરા, તા. જી. ગાંધીનગર

આપનો પિતૃવાત્સલ્યનો પ્રેમરૂપી અખંડ ધોધ અમોને હરહંમેશ યાદ રહેશે. આપે ચીંધેલા માર્ગે અમો આગળ ધપીએ તેવી અભ્યર્થના સાથે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી ગુરૂદત્તને હૃદયપૂર્વકની પ્રાર્થના....

લિ.
વિનોદભાઈ રામજીભાઈ વાઘેલા
ચંદ્રિકાબેન વિનોદભાઈ વાઘેલા
અમિતકુમાર વિનોદભાઈ વાઘેલા
તૃપ્તિબેન અમિતકુમાર વાઘેલા
કમલેશકુમાર વિનોદભાઈ વાઘેલા
રમેશ આર. કપૂર (જ્યોતિષાચાર્ય)
તથા સમસ્ત મેદરા પરિવાર
॥ શ્રી ગુરૂદેવ દત્ત ॥







SANGHI CEMENT
KISAN
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com